# સરદાર પટેલ યુનિવર્સિટી

## એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગ

### કાર્યનોંધ

એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સભા તારીખ:૨૦/૯/૨૦૧૬ને મંગળવારના રોજ બપોર પછી ૩.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતાઃ

(૧) ડૉ. એન. વી. શાસ્ત્રી(અધ્યક્ષ)
(૨) ડૉ. શશીકાન્ત કુમાર
(૩) પ્રો. પ્રિતી શાહ
(૪) પ્રો. ગોપાલ પી. શાહ

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યોને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

૧. તારીખ:૧૬/૯/૨૦૧૪ના રોજ મળેલ એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

તારીખ:૧૬/૯/૨૦૧૪ના રોજ મળેલ એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગ અંતર્ગત બેચલર ઓફ પ્લાનીંગના અભ્યાસક્રમના દરેક સેમીસ્ટરના અભ્યાસક્રમો, રેગ્યુલેશન, પ્રવેશ અંગેના નિયમો, પાસ થવાના ધોરણો વગેરે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગ અંતર્ગત બેચલર ઓફ પ્લાનીંગના અભ્યાસક્રમના દરેક સેમીસ્ટરના અભ્યાસક્રમો, રેગ્યુલેશન, પ્રવેશ અંગેના નિયમો, પાસ થવાના ધોરણો વગેરે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૬ થી ક્રમશઃ કરવો.

વધુમાં ઉપરોકત અભ્યાસક્રમોનો અમલ જૂન-૨૦૧૬થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂરી આપે તે માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

ચાલુ..

૩. એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી મંજૂર કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી સુધારા વધારા સહિત મંજૂર કરી યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ કરવામાં આવી.

એડહોક બોર્ડ ફોર માસ્ટર ઓફ પ્લાનીંગની સભાના સર્વે સભ્યોશ્રીએ માસ્ટર ઓફ પ્લાનીંગને બદલે હવે એડહોક બોર્ડ ફોર પ્લાનીંગ એન્ડ સ્ટડીઝ રાખવા ભલામણ કરવામાં આવી.

મદદનીશ કુલસચિવ

નંબરઃ ડી/બી/
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૧૫/૧૧/૨૦૧૬

નકલ રવાનાઃ
એડહોક બોર્ડના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવા સારુ.